# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-11-2024 Evening : 7.50 to 8.00
Day : TUESDAY National News

## આકાશવાણી સમાચાર મિતલ પટેલ વાંચે છે.

********************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારતનું બંધારણ દેશની દરેક અપેક્ષા અને જરૂરિયાતમાં ખરું ઉતર્યું છે.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતીય બંધારણને જીવંત અને પ્રગતિશીલ દસ્તાવેજ ગણાવ્યો.
3) સર્વોચ્ચ અદાલતે આજે EVMની જગ્યાએ બેલેટ પેપર દાખલ કરવા માટેની માંગણી કરતી જાહેર હિતની અરજી ફગાવી.
4) ચૂંટણી પંચે આજે રાજ્યસભાની છ બેઠકોની પેટાચૂંટણીની જાહેરાત કરી.
5) ભારતે બાંગ્લાદેશના સત્તાવાળાઓને હિન્દુઓ સહિતના અન્ય લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM-CONSTITUTION DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારતનું બંધારણ દેશની દરેક અપેક્ષા અને જરૂરિયાતમાં ખરું ઉતર્યું છે. બંધારણ રાષ્ટ્રનાં વર્તમાન અને ભવિષ્યનું માર્ગદર્શક છે.

આજે સાંજે સર્વોચ્ચ અદાલત ખાતે બંધારણ દિવસ પ્રસંગે આયોજિત કાર્યક્રમને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું કે, ભારત પરિવર્તનનાં વિશાળ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે અને બંધારણ તેનો માર્ગ દર્શાવી રહ્યું છે.

દેશ સમક્ષનાં પડકારોનાં ઉકેલમાં બંધારણની મહત્વની ભૂમિકા અંગે પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યુઃ

(PM Byte)

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, દેશનાં દરેક નાગરિકનો એક જ લક્ષ્ય છે અને તે છે વિક્સિત ભારતનું નિર્માણ કરવું. શ્રી મોદીએ કહ્યું કે, આ વર્ષ ભારતીય બંધારણનું 75મું વર્ષ છે અને દેશ માટે તે અત્યંત ગૌરવનો વિષય છે. શ્રી મોદીએ મુંબઇમાં થયેલા ત્રાસવાદી હૂમલાની 16મી વરસી પ્રસંગે હૂમલામાં માર્યા ગયેલા લોકોને શ્રધ્ધાંજલિ આપી હતી.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ભારતીય ન્યાયતંત્ર 2023-24 અંગેનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો.

## PRESIDENT-CONSTITUTION DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતીય બંધારણને જીવંત અને પ્રગતિશીલ દસ્તાવેજ ગણાવ્યું છે. આ દ્વારા દેશે સામાજિક ન્યાય અને સર્વસમાવેશક વિકાસના લક્ષ્યાંકો હાંસલ કર્યા છે. બંધારણ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં બંધારણ ગૃહના સેન્ટ્રલ હોલમાં આયોજિત કાર્યક્રમને સંબોધતા રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે સરકારે સમાજના તમામ વર્ગો, ખાસ કરીને નબળા વર્ગોના કલ્યાણ માટે તાજેતરના વર્ષોમાં ઘણાં પગલાં લીધાં છે.

(બાઇટ-રાષ્ટ્રપતિ)

રાષ્ટ્રપતિએ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે આરક્ષણ સંબંધિત નારી શક્તિ વંદન અધિનિયમ પસાર કરવાની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ કાયદાએ મહિલા સશક્તિકરણના નવા યુગની રચના કરી છે.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે આ મહત્વપૂર્ણ દિવસ એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે કારણ કે દેશ બંધારણને અપનાવવાના 75 વર્ષની ઉજવણી કરી રહ્યો છે. વિશ્વની સૌથી મોટી અને ગતિશીલ લોકશાહી માટે આ એક નોંધપાત્ર સિદ્ધિ છે. તેમણે કહ્યું કે ભારત નોંધપાત્ર આર્થિક વૃદ્ધિ, મજબૂત આંતરમાળખાકીય સુવિધાઓ અને વ્યાપક ડિજિટલ પ્રવેશ સાથે આગળ વધી રહ્યો છે. આ તમામ સિદ્ધિઓને આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ મળી રહી છે. શ્રી ધનખડે કહ્યું કે આ સિદ્ધિઓ લોકશાહીને અસરકારક રીતે પ્રોત્સાહન આપતા ભારતીય બંધારણનો પુરાવો છે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે ભારતીય બંધારણ દેશના લોકોની વર્ષોની તપસ્યા, બલિદાન, પ્રતિભા અને શક્તિનું પરિણામ છે. શ્રી બિરલાએ કહ્યું કે બંધારણ દેશમાં સામાજિક અને આર્થિક પરિવર્તનનું પ્રેરક બળ છે.

તેમણે તમામ સાંસદોને અનુરોધ કર્યો કે તેઓ તેમના વિસ્તારોમાં લોકો વચ્ચે બંધારણ અપનાવવાના 75મા વર્ષની ઉજવણી કરે.

આ કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિએ ભારતના બંધારણને અપનાવવાની 75મી વર્ષગાંઠને સમર્પિત એક સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટ બહાર પાડી હતી. આ પ્રસંગે “મેકિંગ ઓફ ધ કોન્સ્ટિટ્યુશન ઓફ ઈન્ડિયાઃ અ ગ્લિમ્પ્સ” અને “મેકિંગ ઓફ ધ કોન્સ્ટિટ્યુશન ઓફ ઈન્ડિયા એન્ડ ઈટ્સ ગ્લોરીયસ જર્ની” પુસ્તકોનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. સંસ્કૃત અને મૈથિલી ભાષાઓમાં બંધારણ બહાર પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ભારતના બંધારણની કળાને સમર્પિત પુસ્તિકાનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, અનેક કેન્દ્રીય મંત્રીઓ, લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષના નેતા, સાંસદો અને અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી.

## THE SUPREME COURT BALLOT PAPER

સર્વોચ્ચ અદાલતે આજે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન-EVMની જગ્યાએ બેલેટ પેપર દાખલ કરવા માટે ભારતીય ચૂંટણી પંચને નિર્દેશ આપવાની માંગણી કરતી જાહેર હિતની અરજી ફગાવી દીધી છે.

ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને પી.બી. વારાલેની ખંડપીઠે. ઈવીએમમાં કથિત ચેડાંને કારણે બેલેટ સિસ્ટમમાં પાછા ફરવાની અરજીને નકારી કાઢી હતી.

અગાઉ, માર્ચ મહિનામા પણ  સર્વોચ્ચ અદાલતે બેલેટ પેપર દ્વારા લોકસભાની ચૂંટણીઓ હાથ ધરવા માટે નિર્દેશ માંગતી સમાન પીઆઈએલને ધ્યાનમાં લેવાનો ઇનકાર કર્યો હતો.

## PRESIDENT DRAUPADI MURMU TAMIL NADU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલથી તામિલનાડુની ચાર દિવસીય મુલાકાતે જશે. રાષ્ટ્રપતિ આવતીકાલે સંરક્ષણ સેવા સ્ટાફ કોલેજ, વેલિંગ્ટનના ફેકલ્ટી અને વિદ્યાર્થી અધિકારીઓને સંબોધશે. ગુરુવારે, રાષ્ટ્રપતિ મુર્મુ આદિવાસી મહિલા સ્વ-સહાય જૂથોના સભ્યો અને નીલગીરી જિલ્લાના આદિવાસી સમુદાયના અગ્રણી સભ્યો સાથે રાજભવન, ઉદગમમંડલમ ખાતે વાર્તાલાપ કરશે. શુક્રવારે રાષ્ટ્રપતિ તિરુવરુરમાં તમિલનાડુની સેન્ટ્રલ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી

શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો.

## RAJYASABHA BY ELECTION

ચૂંટણી પંચે આજે રાજ્યસભાની છ બેઠકોની પેટાચૂંટણીની જાહેરાત કરી છે. ત્રણ બેઠકો આંધ્ર પ્રદેશની છે અને એક-એક ઓડિશા, પશ્ચિમ બંગાળ અને હરિયાણાની છે. પેટાચૂંટણી માટેનું જાહેરનામું 3જી ડિસેમ્બરે બહાર પાડવામાં આવશે અને 10મી તારીખ સુધી ઉમેદવારી નોંધાવી શકાશે. 20મી ડિસેમ્બરે મતદાન અને મતગણતરી થશે. આંધ્રપ્રદેશનાં રાજ્યસભાનાં સભ્યો વેંકટરામન રાવ મોપીદેવી, બીડા મસ્તાન રાવ યાદવ, અને રૈયાગા ક્રિષ્નૈયા, ઓડિશાના સુજીત કુમાર, પશ્ચિમ બંગાળના જૌહર સરકાર અને હરિયાણાના ક્રિશનલાલ પંવારના રાજીનામાને કારણે આ બેઠકો ખાલી છે.

## BANGLADESH TO ENSURE SECURITY OF HINDUS AND ALL MINORITIES

ભારતે બાંગ્લાદેશના સત્તાવાળાઓને હિન્દુઓ અને અન્ય લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશ સનાતન જાગરણ જયોતના પ્રવક્તા ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ અને તેમને જામીન ન આપવા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

આ ઘટના બાંગ્લાદેશમાં ઉગ્રવાદીઓ દ્વારા હિંદુઓ અને લઘુમતીઓ પરના અનેક હુમલાઓ પછીની છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે લઘુમતીઓના ઘરો અને વ્યાપારી સંસ્થાઓને આગચંપી, લૂંટફાટ તેમજ મંદિરોને નુકસાન પહોંચાડવાના અનેક બનાવો સામે આવ્યા છે.

મંત્રાલયે કહ્યું કે તે આ ઘટનાઓમાં સંડોવાયેલા લોકો હજુ પણ મુક્તપણે ફરે છે. ભારતે શ્રી દાસની ધરપકડ સામે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા લઘુમતીઓ પરના હુમલા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

## BANGLADESH - CHINMOY PRABHU

બાંગ્લાદેશમાં, પોલિસ સત્તાવાળાઓએ ઇસ્કોન પુંડરીક ધામના ચિન્મય કૃષ્ણ દાસ બ્રહ્મચારીના ભક્તો અને અનુયાયીઓ પર લાઠીચાર્જ કર્યો હતો અને સાઉન્ડ ગ્રેનેડ ચલાવ્યા હતા. તેઓ પોતાનાં ધાર્મિક ગુરુની મુક્તિની માંગણી સાથે ચિત્તાગોંગ મેજિસ્ટ્રેટ કોર્ટના પરિસરમાં એકઠા થયા હતા.

અગાઉ, આજે સવારે ચિત્તાગોંગ મેટ્રોપોલિટન અદાલતે ચિન્મય પ્રભુની જામીન અરજી ફગાવીને તેમને જેલમાં મોકલવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, સોમવારે ઢાકા પોલિસે બાંગ્લાદેશ સંમિલિતા સનાતની જાગરણ મંચના પ્રવક્તા ચિન્મય પ્રભુની ઢાકા વિમાનમથક પરથી તેની ધરપકડ કરી હતી.

તેમની ધરપકડને પગલે હિન્દુ સમુદાયની હજારો સ્ત્રી પુરૂષોએ ચેરાગી પહાડ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ઢાકા, રંગપુર, ખુલના, કોક્સ બજાર અને અન્ય શહેરોમાં હિન્દુ સમુદાયે રેલી યોજી હતી.

## REV. NIA-MANIPUR

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ આજે મણિપુરમાં તાજેતરની હિંસાને લગતા ત્રણ મોટા કેસોની સંપૂર્ણ તપાસ શરૂ કરી છે. ગૃહ મંત્રાલયે ગુનાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કેસ સોંપવાનો નિર્ણય કર્યા પછી એજન્સીએ ત્રણ કેસ ફરીથી નોંધણી કરી હતી. આ મહિનાની 13મી તારીખે ભારતીય ન્યાય સંહિતા, આર્મ્સ એક્ટ અને ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમની સંબંધિત કલમો હેઠળ કેસની ફરી નોંધણી કરવામાં આવી હતી. એજન્સીની ટીમોએ આ મહિનાની 21મી અને

22મી તારીખે સ્થળની મુલાકાત લીધી હતી અને તપાસ શરૂ કરી હતી. સ્થાનિક પોલીસ તરફથી કેસના દસ્તાવેજો NIAને સોંપવાની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે.

## NATIONAL MILK DAY

દેશ આજે રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરી રહ્યો છે. આ દિવસ ડો. વર્ગીસ કુરિયનની જન્મજયંતિ નિમિત્તે ઉજવાય છે, જેઓ ભારતમાં શ્વેત ક્રાંતિના જનક છે. આ પ્રસંગની ઉજવણી કરવા માટે, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય દૂધ દિવસ 2024ની ઉજવણીનું આયોજન કર્યું હતું.કાર્યક્રમ દરમિયાન, પશુપાલન મંત્રીરાજીવ રંજન સિંહે ત્રણ કેટેગરીમાં પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ગોપાલ રત્ન પુરસ્કારો પણ એનાયત કર્યા. જેમાં  દેશી ગાય અને ભેંસનું ઉછેર કરનાર શ્રેષ્ઠ ડેરી ફાર્મર, શ્રેષ્ઠ કૃત્રિમ બીજદાન ટેકનિશિયન અને શ્રેષ્ઠ ડેરી સહકારી મંડળી, દૂધ ઉત્પાદક કંપની અથવા ડેરી ફાર્મર ઉત્પાદક સંસ્થાનો સમાવેશ થાય છે .
 રાષ્ટ્રીય દૂધ દિવસ નિમિત્તે ઓલ ઈન્ડિયા રેડિયો સાથેની ખાસ વાતચીતમાં ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન-G.C.M.M.F. અમૂલના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ, જણાવ્યું હતું કે ભારત આગામી 10 વર્ષમાં વિશ્વમાં ઉત્પાદિત કુલ દૂધમાંથી એક તૃતીયાંશ દૂધનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.